પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૨૧ | ૨ ફેબ્રુઆરી, ૨૦૧૭, ગુરૂવાર ; મહા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**મોદી જૂનમાં રશિયા જશે**

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી જૂન



મહિનાની ૧, ૨, ૩ તારીખે રશીયાના સેન્ટ પિટર્સબર્ગમાં ઈન્ટરનેશનલ ઈકોનોમીક ફોરમમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપવાના છે. સુધારાવાદી અર્થનીતિમાં નરેન્દ્ર મોદીની ગણના વિશ્વના નેતાઓમાં થાય છે.

**સ્વચ્છ ભારતનો નવો ચહેરો અનુષ્કા શર્મા**



સ્વચ્છ ભારત અભિયાનના પ્રચાર-પ્રસારમાં જાણિતી અભિનેત્રી અનુષ્કા શર્મા ચમકશે. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા મહિલાઓને સ્વચ્છતાના સંદેશને અસરકારક પહોંચાડવા અનુષ્કાની પસંદગી કરાઈ છે.

**ઈ. અહમદનું નિધન**

અંદાજપત્ર સત્રના પ્રારંભે



સંસદભવનમાં હૃદયરોગના હુમલાનો ભોગ બનનાર મુસ્લિમ લીગના સાંસદ ઈ અહમદનું રામમનોહર લોહિયા હોસ્પિટલમાં બુધવારે વહેલી સવારે નિધન થયું હતું.

**હાર્દિક પંડ્યા ભારત ટીમનું સુકાનીપદ સંભાળશે**

ઓસ્ટ્રેલિયાના ભારત પ્રવાસ દરમ્યાન રમાનાર ત્રિદિવસીય



મુંબઈની અભ્યાસ મેચમાં ભારતની ટીમનું નેતૃત્વ હાર્દિક પંડ્યા સંભાળશે.

**ટ્રેનમાં હવે રાત્રે ટીકીટ ચેકીંગ નહિ**

રેલવે બોર્ડના આદેશ મુજબ હવે સવારે ૬ થી રાત્રીના ૧૦



દરમ્યાન જ ટીકીટ ચેકીંગ કરાશે. રાત્રે ૧૦થી સવારે ૬ દરમ્યાન કોઈ પણ કોચમાં ટીકીટ ચેકીંગ માટે ડીસ્ટર્બ કરાશે નહિ.

**પીટીઆઈનું ટ્વીટર એકાઉન્ટ હેક**

પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાનું



ટ્વીટર એકાઉન્ટ હેક થતા સમાચાર જગતમાં ભારે ખળભળાટ સર્જાયો છે.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

# મધ્યમ વર્ગને રાહત આપતું અંદાજપત્ર

**૩ લાખની આવક ટેક્સ ફ્રી થઇ : સ્ટાર્ટઅપ માટે હવે કંપનીઓને ટેક્સ મર્યાદામાં ૭ વર્ષ સુધી રાહતો મળી : કેપિટલ ગેઇન ટેક્સ માટેની મર્યાદા ૩ વર્ષથી ઘટાડીને બે વર્ષ : મેટ જારી : સૈનિકોને મોટી રાહત આપીને અલગથી રિઝર્વેશન કરાવવાની સુવિધા**



નવી દિલ્હી,તા. ૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ૨૦૧૭-૧૮ માટેનું સામાન્ય બજેટ લોકોની અપેક્ષા વચ્ચે કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીએ આજે લોકસભામાં રજૂ કરી દીધુ હતુ.બજેટમાં મધ્યમ વર્ગ અને કરદાતાઓને મોટી રાહત આપવામાં આવી છે. જેટલીએ ઈન્કમ ટેક્સ સ્લેબમાં ધરખમ ફેરફાર કરીને ત્રણ લાખ સુધીની વાર્ષિક આવકને ટેક્સ ફ્રી કરવાની જાહેરાત કરી હતી. ઈન્કમ ટેક્સ સ્લેબને ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ત્રણ લાખ સુધી કરવાની જાહેરાત હતી. મધ્યમ વર્ગને રાહત આપીને ઈન્કમટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો છે. હવે ત્રણ લાખ રૂપિયાની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ રહેશે નહીં. ૩-૫ લાખ પર પાંચ ટકા ટેક્સ રહેશે. ૫૦ લાખથી એક કરોડ સુધીની વાર્ષિક આવક પર ૧૦ ટકા સરચાર્જ રહેશે. ત્રણ લાખથી વધારે કેશ લેવડદેવડ ઉપર પ્રતિબંધ મુકવામાં આવશે. સ્ટાર્ટઅપ માટે કંપનીઓને ટેક્સ મર્યાદામાં સાત વર્ષ માટે છુટછાટ આપી દીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૫ લાખ સુધીની આવક પર માત્ર પાંચ ટકા ટેક્સ

અમદાવાદ, તા. ૧

સામાન્ય બજેટ રજૂ કરતી વેળા નાણા મંત્રી અરુણ જેટલીએ આજે મધ્યમ વર્ગને મોટી રાહત આપી હતી. ત્રણ લાખ સુધીની આવક ઉપર હવે કોઈ ટેક્સ લાગૂ થશે નહીં. જ્યારે પાંચ લાખ સુધીની આવક પર ૫ ટકા ટેક્સ રહેશે. જ્યારે ૨.૫ લાખથી ૫ લાખ વચ્ચેની આવક સાથે કરવેરાના પ્રવર્તમાન રેટને ૧૦ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે. ભારતના તમામના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, તેમની આવક ૨.૫ લાખ રૂપિયાથી લઈને પાંચ લાખ રૂપિયા સુધીના સૌથી નીચેના સ્લેબમાં આવે છે તો પાંચ ટકાનો નાનકડો કર ચુકવીને રાષ્ટ્રના નિર્માણમાં ભૂમિકા અદા કરવામાં આવે. બજેટ ૨૦૧૭માં અરૂણ જેટલીએ વ્યક્તિગત કરદાતાઓને ટેક્સના મોરચે મોટી છુટ આપી છે. સરકારે ૨.૫ લાખ રૂપિયાથી ૫ લાખની ઈન્કમ પર ટેક્સ રેટ ૧૦ ટકાથી ઘટાડીને ૫ ટકા કરી દીધો છે. જો કે બજેટમાં ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો પરંતુ ટેક્સ રિબેટમાં છુટ ગણીએ તો હવે ૩ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે.

### ટેક્સ સ્લેબ પ્રથમ નજરે...

- ૩૦૦૦૦૦ રૂપિયા સુધી શૂન્ય ટકા
- ૨૫૦૦૦૧થી ૫૦૦૦૦૦ પર ૫ ટકા
- ૫૦૦૦૦૧થી ૧૦૦૦૦૦૦ ૨૦ ટકા
- ૧૦૦૦૦૦૧થી એક કરોડ પર ૩૦ ટકા
- એક કરોડથી ઉપર ૩૦ ટકા

## મકાન વધુ સસ્તા થશે

**રિયલ એસ્ટેટ સેક્ટર માટે જાહેરાતો : બિલ્ડ અપ એરિયાને કારપેટ એરિયા તરીકે ગણાશે : બજેટમાં જાહેરાતથી મકાન લેવા ઇચ્છુકો માટે ખુશીના સમાચાર : જાહેર ક્ષેત્ર બેંકોમાં ૧૦૦૦૦ કરોડ ઠલવાશે**

નવી દિલ્હી,તા. ૧

દેશના લોકોને સસ્તામાં આવાસની સુવિધા મળે તે હેતુસર પણ બજેટમાં આજે કેટલીક પહેલ કરવામાં આવી હતી. સસ્તા આવાસ યોજનાની રાહ જોઈ રહેલા લોકો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં જાહેર કરાયેલી લાભ સંબંધી યોજનાને આજે વધુ અસરકારક બનાવવામાં આવી છે. સંસદમાં આજે બજેટ રજૂ કરતી વેળા જેટલીએ કહ્યું હતું કે, અગાઉની યોજનામાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં નોટબંધી બાદ મંદી પ્રવર્તી રહી હતી. આવી સ્થિતિમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં

● અનુસંધાન પાન-૭ પર

## ૩ લાખથી વધુની રોકડ લેવડદેવડ પર પ્રતિબંધ

નવીદિલ્હી, તા. ૧

બ્લેકમની સામે આક્રમક કાર્યવાહીનો દોર યથાવતરીતે જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના ભાગરુપે નાણામંત્રી અરુણ જેટલીએ બજેટમાં મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, પહેલી એપ્રિલ ૨૦૧૭થી ત્રણ લાખથી ઉપરની તમામ રોકડ લેવડદેવડ ઉપર પ્રતિબંધ રહેશે. જેટલીએ સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૧૭-૧૮ રજૂ કરતી વેળા આજે આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી બ્લેકમની અંગેની ખાસ તપાસ ટીમની ભલામણના આધાર પર આ મર્યાદા લાગૂ કરવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ત્રણ લાખથી ઉપરની તમામ રોકડ લેવડદેવડ ઉપર

## રેલવે ટિકિટ સસ્તી થશે : ઈ-ટિકિટ પર સર્વિસ ચાર્જને નાબૂદ કરાશે

**રેલવે માટે ૧૩૧૦૦૦ કરોડ જોગવાઈ : સુરક્ષા, સુવિધા, સ્વચ્છતા અને વિકાસ એમ ચાર બાબતો ઉપર રેલવે મુખ્યરીતે ધ્યાન કેન્દ્રિત કરશે : એસએમએસ મારફતે ક્લીન માય કોચ સર્વિસ રહેશે**

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય નાણામંત્રી અરુણ



જેટલીએ વર્ષ ૨૦૧૭-૧૮ માટેનું સામાન્ય બજેટ રજૂ કરતી વેળા આજે રેલવે બજેટ પણ રજૂ કરી દીધું હતું. રેલવે સેક્ટર માટે પણ શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. આના ભાગરુપે આઈસીઆરસીટીસી મારફતે ઈ-ટિકિટ બુક કરાવવા પર સર્વિસ ટેક્સને ખતમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઈ-ટિકિટિંગ ઉપર પહેલી એપ્રિલથી સર્વિસ ટેક્સ લાગૂ થશે નહીં જેના પરિણામ સ્વરુપે રેલવે ટિકિટ સસ્તી થશે. રેલવે યાત્રીઓને મોટો ફાયદો થશે. રેલવેમાં મુસાફરી કરતા લોકોને રાહત આપવામાં આવી છે. જેટલીએ જાહેરાત કરી હતી કે, આઈઆરસીટીસી વેબસાઈટ મારફતે બુક કરવામાં આવનાર

ટિકિટ ઉપર સર્વિસ ચાર્જ લાગૂ થશે નહીં. હાલમાં એરકન્ડીશન ક્લાસમાં દરેક બુક કરવામાં આવતી ટિકિટ પર ૪૦ રૂપિયા અને સ્લીપર ક્લાસમાં બુક કરવામાં આવતી દરેક ટિકિટ ઉપર ૨૦ રૂપિયાનો સર્વિસ ચાર્જ લાગૂ થાય છે. વેબસાઈટ મારફતે જ્યારે ટિકિટ બુક કરવામાં આવે છે ત્યારે આઈઆરસીટીસી દ્વારા આ સર્વિસ ચાર્જ લેવામાં આવે છે પરંતુ પહેલી એપ્રિલથી સર્વિસ ચાર્જ લાગૂ થશે નહીં જેથી રેલવે ટિકિટ સસ્તી થશે. જેટલીએ કહ્યું હતું કે, કેશલેસ રિઝર્વેશનમાં ૫૮ ટકાથી વધારો થઈને ૬૮ ટકા થયો છે. તેમનું ચોથુ બજેટ રજૂ કરતા જેટલીએ જાહેરાત કરી હતી કે, કુલ મૂડી અને ડેવલપમેન્ટ ખર્ચનો આંકડો ૧૩૧૦૦૦ કરોડનો રહ્યો છે જેમાં બજેટ માટે સરકાર દ્વારા આપવામાં આવેલા ૫૫૦૦૦ કરોડનો સમાવેશ થાય છે. જેટલીએ જાહેરાત કરી હતી કે, રેલવે મુખ્ય ચાર બાબતો ઉપર

● અનુસંધાન પાન-૭ પર



અંદાજપત્રનો અભ્યાસ - સંસદમાં અંદાજપત્રની રજૂઆતનું જીવંત પ્રસારણ નિહાળવા અમદાવાદના વેપારી આગેવાનો અને ઉદ્યોગપતિઓ વેપારી મહામંડળના હૉલમાં એકત્ર થયા હતા... એકચિત્તે અંદાજપત્રની એકેએક વિગતની ધ્યાનથી નિહાળતા વેપારીઓ અંદાજપત્રના અભ્યાસવર્ગમાં બેઠા હોય તેવું દશ્ય સર્જાયું હતું....

## હવે ૧૮ લાખ ખાતાઓ પર સર્જિકલ સ્ટ્રાઈક માટે તૈયારી

**મોટા કેશ લેવડદેવડની માહિતી આપવી પડશે : ઈન્કમ ટેક્સ ખાતાના ઓપરેશન ક્લીન મની હેઠળ કેટલાક આક્રમક પગલાઓ લેવામાં આવનાર છે**

નવી દિલ્હી,તા. ૧

નોટબંધી બાદ હવે સરકારે ૧૮ લાખ ખાતા પર સર્જિકલ સ્ટ્રાઈક કરવા માટેની તૈયારી કરી લીધી છે. સરકારે ખુલાસો કરતા કહ્યુ છે કે તેના દ્વારા હવે એવા ૧૮ લાખ બેંક ખાતાની ઓળખ કરી લીધી છે જેમાં નોટબંધીના સરકારના આદેશ જારી કરાયાના સપ્તાહના ગાળામાં જ મોટી કેશ લેવડદેવડ કરવામાં આવી હતી. હવે આ ખાતા ધારકોને કેશ લેવડદેવડ અંગે પુરતી માહિતી આપવી પડશે. સોર્સ અંગે જાણ કરવી પડશે. ટેક્સ વિભાગે આવા ૧૮ લાખ લોકોને એવા આધાર પર ઓળખી કાઢ્યા છે કે તેમના ટ્રાન્ઝીક્શન તેમના ટેક્સ પ્રોફાઈલ મામલા સાથે મેળ

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત, ઝારખંડમાં એઈમ્સ બનશે

નવી દિલ્હી,તા. ૧

નાણામંત્રી અરુણ જેટલીએ આજે બજેટ રજૂ કરતી વેળા આરોગ્યના ક્ષેત્રમાં પણ કેટલીક મહત્વની જાહેરાતો કરી હતી જેના ભાગરુપે ઝારખંડ અને ગુજરાતમાં નવા એમ્સ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ ૨૦૨૫ સુધી ટીબીને સંપૂર્ણપણે નાબૂદ કરવાની પણ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશમાં આરોગ્ય સંભાળની સુવિધાને વધારવાના હેતુસર એમ્સની રચનાની જાહેરાત કરવામાં આવી છે. બે નવા ઓલઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલસાયન્સ બનાવવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, કાલાઅજરને નાબૂદ કરવાની પણ યોજના તૈયાર કરાઈ છે. આ બિમારીને ૨૦૧૭ સુધી ખતમ કરવામાં આવશે. જ્યારે રક્તપિતની બિમારીને ૨૦૧૮ સુધી ખતમ કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, સરકાર જન્મ મૃત્યુદરને પણ ઘટાડીને નીચી સપાટી ઉપર

● અનુસંધાન પાન-૭ પર

**મળશે નહિ**


સેક્ટર-૧૭, ગાંધીનગરના પ્રખ્યાત

કાન-નાક-ગળાના સર્જન

**ડૉ. યશવંત બી. છાટબાર**

તા. ૨/૨/૧૭થી ૮/૨/૧૭ સુધી કોન્ફરન્સમાં હોવાથી મળી શકશે નહી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
(RI District 3051, 2016-17) અને
કડી સર્વ વિશ્વ વિદ્યાલય,
ગાંધીનગર આયોજિત
કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૭ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન
Rotary

તારીખ: ૬ ફેબ્રુઆરી,૨૦૧૭,સોમવાર
સમય: સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ: શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ,સેક્ટર-૨૩, ગાંધીનગર
છેલ્લા ૧૫ વર્ષથી રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યું નિમંત્રણ છે.
જાહેર પ્રવચન
વક્તા :-
શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ
ખાસ નોંધ : સાંજે ૫.૪૫ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે
Program Supported By
KALPA-TARU Power Transmission Limited